**GJCU020005222021**

## <u>સી.સી. કેસ નં.૨૮૧/૨૦૨૧</u>
## <u>–:: આંક :: ૧ :: નીચે હુકમ ::–</u>

આ કામના આરોપી વિરુધ્ધ ચાર્જશીટ માં જણાવેલ કલમ મુજબનો શીક્ષાપાત્ર ગુનો નોંધાયા બાદ, હકુમત ધરાવતી અદાલતમાં ચાર્જશીટ દાખલ કરી, ક્રિમીનલ કેસ નંબર પડી, સદર કેસમાં આરોપી રાહુલભાઈ મોહનભાઈ સેન. રહેવાસી–કાંકરવાલ. તા.નરસીંહગઢ. જી.રાજગઢ(રાજસ્થાન). ને અદાલત માં હાજર રહેવા ધારાસરની પ્રોસેસ ઇસ્યુ કરવામાં આવેલ છતાં આરોપી અદાલત સમક્ષ હાજર ન થતાં તેમના વિરુધ્ધ બીન જામીનપાત્ર વોરન્ટ ત્યારબાદ ધરપકડ વોરંટ ઇસ્યુ કરવામાં આવેલ. જે છેલ્લા વર્ષો ઉપરાંતથી ઇસ્યુ કરવા છતાં બજવણી કરી આરોપી ને અદાલત સમક્ષ રજુ કરવામાં પોલીસતંત્ર સદંતર નીષ્ફળ જતાં આજદિન સુધી આ કામના આરોપી અદાલત સમક્ષ હાજર રહેલ નથી કે આરોપી ને હાજર રખાવવામાં પોલીસતંત્રને સફળતા મળેલ નથી.જામીનદાર પણ આરોપીને કોર્ટ મા હાજર રખાવવા મા નીષ્ફળ ગયેલ છે.

આ કામે આરોપી ઉપર જે કલમ મુજબનો શીક્ષાપાત્ર ગુન્હાનો આરોપ આરોપાયેલ છે. તે કલમ અર્થેની જોગવાઇઓ ધ્યાને લેતા તેમજ ચોરી ની રકમ ધ્યાને લેતા તમામ કલમો સમ રી ટ્રાયેબલ છે. તથા ગુન્હા બાબતેની ફરિયાદ, એ પોલીસ રીપોર્ટ લગત ફરિયાદ છે. (ચાર્જશીટ થયેલ છે) ખાનગી ફરીયાદ નથી. જે ધ્યાને લઇ, સી.આર.પી.સી. કલમ ૨૫૮ ની જોગવાઇ ધ્યાને લેતા, તથા ગુજરાત હાઇકોર્ટના નોટીફીકેશન તથા વિવિધ ઓથોરીટી ધ્યાને લેતા...

<u>Laws(Guj.HC)1996–St. Guj V/s Gordhanbhai Chandubhai</u> ના ચુકાદામાં નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે:

There was no question of resorting to the procedure u/s 258 of the criminal procedure. Because the order under s.258 of the criminal procedure can be passed for stopping the proceedings only when a case is instituted otherwise then the complainant and only in such cases for the reasons to be recorded , the magistrate may stop the proceedings at any stage without pronouncing any judgment and even in such cases, if the proceedings are stopped before recording evidence of the principal witness the release of the accused has the effect of discharge only.

<u>*St. Maharashtra* v. *Ram Pandharinath Chidrawar*,2007 CriLJ 827(Bom)</u>

Stoppage of proceedings—Powers of Magistrate under Section 258.Held that order directing stoppage of proceedings under the circumstances would be proper.

હાલના કેસમાં અદાલત દ્વારા કરવામાં આવેલ પ્રોસિડિંગ જોતાં આ કામે અત્રેની અદાલતમાં કેસ આવ્યા બાદ આરોપી રાહુલભાઈ મોહનભાઈ સેન. રહેવાસી–કાંકરવાલ. તા.નરસીંહગઢ. જી.રાજગઢ(રાજસ્થાન). ને હાજર રાખવા સારુ વારંવાર કામગીરી કાઢવામાં આવેલ છે, આમ છતાં આરોપી કોર્ટમાં હાજર રહેલ નથી. આરોપી ઉપર આક્ષેપવામાં

આવેલ કલમ મુજબના ગુનાની જોગવાઇઓ જોતાં સમરી ટ્રાયબલ કેસ છે. સી.આર.પી.સી.ની કલમ ૨૫૮ ની ઉપરોક્ત જોગવાઇઓ ધ્યાને લેતાં તેમજ ઉપરોક્ત વંચાણે લીધેલ નામદાર વડી અદાલતોએ અલગ અલગ કેસોમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો તેમજ ગુજરાત હાઇકોર્ટના સબોર્ડીનેટ કોર્ટ કેસ ફ્લો મેનેજમેન્ટ રુલ્સ ની જોગવાઇ ધ્યાને લેતાં પણ હાલના કેસનું પ્રોસિડીંગ આરોપી રાહુલભાઈ મોહનભાઈ સેન. રહેવાસી–કાંકરવાલ. તા.નરસીંહગઢ. જી.રાજગઢ (રાજસ્થાન). પુરતુ સ્ટોપ કરવું હાલના તબકકે ન્યાયોચિત જણાતું હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>:: હુકમ ::</u>

આમ, સી.આર.પી.સી. કલમ ૨૫૮ અન્વયે, ઉપરોક્ત લિખીત કારણોસર કોઇ ફેસલો સંભળાવ્યા વિના, હાલના તબક્કે આરોપી  સામેનું હાલના સમરી ટ્રાયેબલ કેસનું પ્રોસિડિંગ આરોપી રાહુલભાઈ મોહનભાઈ સેન. રહેવાસી–કાંકરવાલ. તા.નરસીંહગઢ. જી.રાજગઢ(રાજસ્થાન). પુરતુ સ્ટોપ કરવામાં આવે છે.

વધુમાં  આરોપી રાહુલભાઈ મોહનભાઈ સેન. રહેવાસી–કાંકરવાલ. તા.નરસીંહગઢ. જી.રાજગઢ(રાજસ્થાન). સામે તે મળી ન આવે ત્યાં સુધી અમલમાં રહે તેવુ વોરંટ ઇસ્યુ કરી પોલીસ ડીપાર્ટમેન્ટને તે બજવણી કરવા યોગ્ય પ્રયત્ન કરવા જણાવવામાં આવે છે. વધુમાં, પરવાનગી આપવામાં આવે છે કે, આ કામના આરોપી રાહુલભાઈ મોહનભાઈ સેન. રહેવાસી–કાંકરવાલ. તા.નરસીંહગઢ. જી.રાજગઢ(રાજસ્થાન). ભવિષ્યમાં અટક થાય તેવા સંજોગોમાં આરોપી  વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ ૩૦૦(૫) ની જોગવાઇ મુજબ આજ ગુના માટે ફરી ઇન્સાફી કાર્યવાહિ ચલાવી શકાશે.

સદર હુકમની જાણ લાગતા વળગતા પોલીસ સ્ટેશનને કરી અમલી વોરંટ મોકલી આપવુ.

હુકમ આજરોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

મુકામ :– છોટાઉદેપુર
તા: ૧૩ /૦૯/૨૦૨૫

**(અમીષ પ્રફુલચંદ્ર જોષી)**
**એડી.સીવીલ જજ અને જ્યુડીશયલ મેજી.ફ.ક,**
**છોટાઉદેપુર**
**કોર્ડ નં.જીજે.૦૧૪૬૬**